SCIENCE CENTRE SURAT
know your world

**સુરત મહાનગરપાલિકા**



**અરજી પત્રક**

અરજદારનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ

પ્રતિ,
કમિશનરશ્રી
સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન
સુરત.

આથી હું/અમો નીચે સહી કરનારની વિનંતી કે, નીચે જણાવેલ તારીખ અને સમયખંડ માટે સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ આર્ટગેલેરી/એમ્ફી થીયેટર પૈકી ................નો અમે ઉપયોગ કરવા માંગીએ છીએ. જે અંગેની પરવાનગી આપવા વિનંતી.

| | | |
|---|---|---|
| ૧. | અરજદાર વ્યકિત/ સંસ્થાનું પુરૂં નામ | |
| ૨. | સરનામું | |
| ૩. | ટેલીફોન નંબર | |
| ૪. | મોબાઈલ નંબર | |
| ૫. | ઈ–મેઈલ એડ્રેસ | |
| ૬. | વેબ સાઈટ (જો હોય તો) | |
| ૭. | સાયન્સ સેન્ટર સંકુલમાં જે જગ્યાની જરૂર હોય તેની વિગત | |
| ૮. | કાર્યક્રમનું નામ / પ્રકાર/ ઉદ્દેશ | |
| ૯. | કાર્યક્રમમાં પ્રેક્ષકોના પ્રવેશ માટેની વ્યવસ્થા (વિના મુલ્યે/ આમંત્રણ પત્રિકા/ ડોનેશન કાર્ડ/ ટીકીટ/ અન્ય) | |
| ૧૦. | કાર્યક્રમ યોજવા માટે મેળવવામાં આવેલ જરૂરી પરવાનગી/લાયસન્સ વિ.ની વિગત | |
| ૧૧. | કાર્યક્રમની તારીખ | |
| ૧૨. | કાર્યક્રમનો સમયખંડ | |
| ૧૩. | નિયત ફીની રકમ (રૂા.) | |
| ૧૪. | ડીપોઝીટની રકમ (રૂા.) | |
| ૧૫. | કુલ રકમ (રૂા. આંકડામાં) | |
| ૧૬. | કુલ રકમ (રૂા. શબ્દોમાં) | |
| ૧૭. | ચુકવણીની વિગત (રોકડેથી/ડી.ડી./પે.ઓર્ડર/બેંકર્સ ચેક નંબર અને તારીખ) | |

આથી હું / અમો લેખિત બાંહેધરી આપીએ છીએ કે, જે સમયખંડ માટે અમોને જગ્યાની ફાળવણી થયેલ છે તે સમય ખંડ પૂર્ણ થયેથી ફાળવેલ જગ્યા ખાલી કરી આપીશું.

વધુમાં, સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ આર્ટગેલેરી/ એમ્ફી થીયેટરની જગ્યા તેમજ અન્ય કોઈ જગ્યામાં કોઈ પણ પ્રકારના ઠંડા/ગરમ પીણાં , અલ્પાહાર, ભોજન, પાનમસાલા તેમજ અન્ય પ્રતિબંધિત સેવન પદાર્થો લાવવા અને વાપરવા બાબત સખત મનાઈ છે અને જેનું ચુસ્તપણે પાલન કરવા/ કરાવવા અમો બાંહેધરી આપીએ છીએ.

સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ આર્ટ ગેલેરી/ એમ્ફી થીયેટરને લગતા નીતિ નિયમો અમે વાંચ્યા છે. જેનું પાલન કરવાની અમે ખાત્રી આપીએ છીએ.

આ અરજી પત્રકમાં જણાવેલ તમામ વિગતો મારી જાણ તથા માન્યતા મુજબ સાચી છે.

તા. અરજદારની સહી

સ્થળ :– ................................

જામીન આપનારનો ફોટો

હું અરજદારશ્રી........................................ ને ............. સમયથી ઓળખું છું અને તેઓની માંગણી મુજબ સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ આર્ટ ગેલેરી/ એમ્ફી થીયેટરમાં .................. કાર્યક્રમ અંગે જામીન રહેવા માટે સંમતિ આપું છું

નામઃ–

સરનામુઃ–

ફોન / મો. નં. સહીઃ– ..............................

---

**(ફકત ઓફિસના કામ માટે)**

સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ આર્ટગેલેરી/ એમ્ફી થીયેટરનાં ભાડા અને ડીપોઝીટ પેટે રૂા.................... અંકે રૂપિયા ...................................................... રસીદ નં ............. તારીખ............. થી રોકડા / ડીમાન્ડ ડ્રાફટથી વસુલ લીધા છે.

ડીમાન્ડ ડ્રાફટની વિગત :–

બેંકનું નામ/ શાખા/માઈકર નંબર :–

ડી.ડી. નંબર/તારીખ :–

રકમ (રૂા.) :–

બુકીંગ કલાર્ક
સાયન્સ સેન્ટર

ઉપરોકત અરજીનો સ્વીકાર કરવામાં આવે છે / આવતી નથી.

ચીફ કયુરેટર
સાયન્સ સેન્ટર

(૧) એ.સી. ચાર્જીસ : એ.સી. ચીલર પ્લાન્ટના પ્રવર્તમાન ગેસ અને વીજળીના દરથી ગણતાં પ્રતિ કલાકનો ચાર્જ આર્ટગેલેરીનો રૂા.૧,૦૪૫/– થાય છે જે અલગ થી વસુલ લેવામાં આવશે.

(૨) ઓડીટેરીયમમાં સવારના ૯:૦૦ થી સાંજ ૫:૦૦ દરમ્યાનના સેશનો માટે પ્રતિ કલાક ૧,૩૧૦/– તથા સાંજે ૫:૦૦ થી રાત્રે ૧૨:૩૦ દરમ્યાન આવતાં સેશનો માટે પ્રતિ કલાક રૂા.૩,૨૬૫/– પ્રમાણે એ.સી. ચાર્જ વસુલ લેવામાં આવશે.

**સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૨૯–૧૦–૦૯ ના**
**રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–**

******

મ્યુ.કમિશ્નરશ્રી ના તા.૨૨–૧૦–૦૯ના પત્ર નં.સી.સ્થા.સ./ ૬૬૮ થી વિદિત થઈ, સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ આર્ટ ગેલેરી, ઓડીટોરીયમ અને એમ્ફી થીયેટરના બુકીંગ, ભાડું, ડીપોઝીટ, સંચાલન અંગેના નિયમો વિગેરે નકકી કરવા નીચે મુજબની મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

1) નીચે પરિશિષ્ટ–૧ માં જણાવેલ ઓડીટોરીયમ/આર્ટ ગેલેરી/એમ્ફી થીયેટરના બુકીંગ તેમજ સંચાલનને લગતા સામાન્ય નિયમો મંજુર કરવામાં આવે છે.
2) નીચે પરિશિષ્ટ–૨ માં જણાવેલ ઓડીટોરીયમ/આર્ટ ગેલેરી/એમ્ફી થીયેટરને ભાડેથી વપરાશમાં આપવા અંગેના દરો મંજુર કરવામાં આવે છે.
3) નીચે ઓડીટોરીયમ/આર્ટ ગેલેરી/એમ્ફી થીયેટરના બુકીંગ માટેની નિયત નમુનાના અરજી પત્રકનો પ્રફોર્મા મંજુર કરવાનું અને આ અરજી પત્રકનું વેચાણ મૂલ્ય રૂા.૫૦/– (નોન રીફંડેબલ) નકકી કરવામાં આવે છે.
4) સાયન્સ સેન્ટર સંકુલ જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવ્યેથી સુચવેલ દરો અને નિયમો મુજબ બુકીંગ અને સંચાલન અંગેની કાર્યવાહી કરવી.
5) આર્ટ ગેલેરી ખાતે પ્રથમ ૧૫ થી ૩૦ દિવસ માટે શહેરના નામી કલાકારોની કૃતિ/પેઈન્ટીંગ 'Inaugural Exhibition' ફાળવવા અને જરૂરી કાર્યવાહી કરવા મ્યુ.કમિશ્નરશ્રી/અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને અધિકૃત કરવામાં આવે છે.

**સુરત મહાનગરપાલિકા**

**સાયન્સ સેન્ટર**

પરિશિષ્ટ –૧

**<u>ઓડીટોરીયમ/આર્ટગેલેરી/એમ્ફી થીયેટરને લગતાં સામાન્ય નિયમો</u>**

૧. સુરત મહાનગરપાલિકા નિર્મિત સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ ઓડીટોરિયમ, આર્ટગેલેરી અને એમ્ફી થીયેટરનો ઉપયોગ કરવા ઈચ્છતી કોઈ પણ સંસ્થા અગર વ્યકિતએ નિયત અરજી પત્રકમાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને અરજી કરવાની રહેશે. આ અરજી પત્રક સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરતની કચેરીએથી રાષ્ટ્રીય તેમજ જાહેર રજાના દિવસો સિવાયના દિવસો દરમ્યાન સવારના ૯ઃ૩૦ થી ૪ઃ૦૦ કલાક સુધીમાં રૂા.૫૦/– (નોન રીફંડેબલ)ની કિંમતે મળી શકશે.

૨. (અ) સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ ઓડીટોરીયમ, આર્ટગેલેરી કે એમ્ફી થીયેટરનો ઉપયોગ જે તારીખે રવાનો હોય તે તારીખથી વધુમાં વધુ ૬૦ દિવસ અગાઉ જે તે માસની પહેલી તારીખે અરજી કરવાની રહેશે. આ સમય મર્યાદામાં ફેરફાર કરવાની સત્તા કમિશ્નરશ્રી અથવા તેમના અધિકૃત અધિકારીને રહેશે.

(બ) સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ નિર્દિષ્ટ જગ્યાનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે તારીખથી ઉપર જણાવેલ આગળ–પાછળની સમય મર્યાદા જોઈ તપાસી વહેલા તે પહેલાના ધોરણે એડવાન્સ બુકીંગ કરવામાં આવશે. તેમજ ભાડું તથા એરકન્ડીશન્ડ ચાર્જીસ ઉપરાંત આ બંને ચાર્જીસના ૧૦૦% મુજબની ડીપોઝીટની રકમ અગાઉથી જમા કરાવી બુકીંગ કરાવવાનું રહેશે.

૩. સાયન્સ સેન્ટર સંકુલમાં ઉપર જણાવેલ નિર્દિષ્ટ જગ્યાનું રીઝર્વેશન વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે. તેમ છતાં જો એક જ તારીખે અને એક જ સમયે એકથી વધુ અરજી આવશે તો તેવા સંજોગોમાં અરજદારની રૂબરૂમાં મ્યુનિસિપલ કમિશનરશ્રી અથવા તેમના પ્રતિનિધિ ચિઠ્ઠી નાંખી કોને ભાડે આપવું તે અંગેનો નિર્ણય કરશે, તે નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

૪. કોઈપણ અરજી અનુસાર નિર્દિષ્ટ જગ્યા વાપરવાની /ભાડે આપવાની પરવાનગી આપવી કે નહી તે બાબતનો કમિશનરશ્રી અથવા તેમના અધિકૃત અધિકારીનો નિર્ણય આખરી અને અરજદારને બંધનકર્તા રહેશે.

૫. વ્યકિત/સંસ્થા તરફથી જગ્યા ભાડે રાખવા માટે જે તારીખનું બુકીંગ કરાવવામાં આવેલ હશે અને કોઈ અનિવાર્ય સંજોગો ઉપસ્થિત થાય તો તેવું બુકીંગ કોઈપણ કારણો આપ્યા સિવાય રદ કરવાની સત્તા કમિશનરશ્રીને રહેશે અને એ બદલ કોઈપણ નુકશાની ચુકવવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં અને તે બાબતની કોઈપણ જાતની તકરાર ચલાવી લેવામાં આવશે નહીં.

૬. કોઈપણ સંસ્થા અગર વ્યકિતને એક સાથે ૧૫ દિવસથી વધુ સળંગ સમય માટે નિર્દિષ્ટ જગ્યા ભાડે આપવામાં આવશે નહીં. તેમ છતાં જો આવી કોઈ માંગણી આવે તો તેવા સંજોગોમાં યોગ્યતા મુજબ ફાળવણી કરવા બાબતે મ્યુ.કમિશનરશ્રી અધિકૃત રહેશે.

૭. સાયન્સ સેન્ટર સંકુલની અરજીમાં જણાવેલ નિર્દિષ્ટ જગ્યાનું જે તે તારીખનું બુકીંગ કરવામાં આવ્યું હશે તે તારીખ/ સેશન સામાન્ય સંજોગોમાં બદલી આપવામાં આવશે નહીં, પરંતુ ખાસ સંજોગોમાં તારીખ/સેશન બદલી આપવાની સત્તા સાયન્સ સેન્ટરના વિભાગીય વડાશ્રીની રહેશે જે માટે અરજદારે વધારાની ફી તરીકે એમ્ફી થીયેટરના રૂા.૭૫૦/– તથા આર્ટ ગેલેરી અને ઓડીટોરીયમના રૂા. ૧૦૦૦/– ચુકવવાના રહેશે અને તે માટે અગાઉથી અરજી કરી તેમજ વધારાની ફી સહીત કચેરીના સમય દરમ્યાન અરજી તથા ફી જમા કરાવવાની રહેશે. કોઈપણ કિસ્સામાં તારીખ/સેશન બદલી આપવું કે નહીં તે અંગેનો નિર્ણય વિભાગીય વડાશ્રીનો આખરી અને અરજદારને બધનકર્તા રહેશે.

૮. સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ આર્ટગેલેરી, એમ્ફી થીયેટર અને ઓડીટોરિયમના ભાડેથી વપરાશમાં આપવા અંગેના દરો પરિશિષ્ટ–૨ માં જણાવ્યા મુજબના રહેશે.

૯. અરજદાર ધ્વારા સાયન્સ સેન્ટર સંકુલ ખાતે ભાડે રાખેલ જગ્યાનું બુકીંગ કરાવ્યા બાદ જો કોઈ સંજોગોમાં તેઓ ધ્વારા કાર્યક્રમનું બુકીંગ રદ કરવા માટેની લેખિત અરજી કરવામાં આવે તો તેવા સંજોગોમાં નીચે જણાવેલ દરે આયોજકની ડીપોઝીટમાંથી કેન્સલેશન ચાર્જીસ તેમજ લાગત વેરા વસૂલ લઈ બાકી રકમ અરજદારને પરત કરવામાં આવશે. વસૂલ લીધેલ કેન્સલેશન ચાર્જીસ બાબતે અરજદાર તરફથી કોઈ વાંધો કે તકરાર ઉપસ્થિત કરી શકાશે નહીં.

**<u>કાર્યક્રમ રદ કરવા બાબતે વસૂલ લેવા જોગ કેન્સલેશન ચાર્જીસની વિગત દર્શાવતું પત્રક</u>**

| અ.નં. | કાર્યક્રમના દિવસ અગાઉ | ભાડાની રકમમાંથી વસૂલ લેવા જોગ કેન્સલેશન ચાર્જીસ |
|---|---|---|
| ૧. | ૪૫ દિવસથી ૬૦ દિવસ | ૨૫ % |
| ૨. | ૩૦ થી ૪૫ દિવસ | ૪૦% |
| ૩. | ૨૦ થી ૩૦ દિવસ | ૭૦% |
| ૪. | ૨૦ દિવસની અંદર | ૧૦૦% |

૧૦. બુકીંગ માટે અરજી કરનાર અરજદાર વ્યકિત/ સંસ્થા અથવા કાર્યક્રમના પ્રાયોજક તરીકે દર્શાવવામાં આવેલ વ્યકિત/સંસ્થા/પ્રાયોજકને જ નિર્દિષ્ટ ભાડે રાખેલ જગ્યા/ગેલેરીમાં કાર્યક્રમ કરવાની પરવાનગી આપવામાં આવશે. આવી વ્યકિત/સંસ્થા/પ્રાયોજક અન્ય કોઈ વ્યકિત/સંસ્થા/પ્રાયોજકને જગ્યા ભાડે અથવા પેટા ભાડે આપી શકશે નહીં કે બુકીંગ ફોર્મમાં જણાવેલ હેતુનો હેતુ ફેર અને/ અથવા નામફેર કરી શકશે નહીં. તેમ છતાં જો આવી કોઈ ગેરરીતિ માલમ પડશે તો તેવા સંજોગોમાં અરજદાર ધ્વારા કાર્યક્રમ માટે જમા કરાવેલ ભાડા, ડીપોઝીટ સહીતની તમામ રકમ જપ્ત કરવામાં આવશે અને અરજદારનું બુકીંગ આપોઆપ રદબાતલ થયેલું ગણાશે.

૧૧. કુદરતી આફત અગર જાહેર સુલેહશાંતિ જોખમાય તેવા અસામાન્ય સંજોગોમાં કાર્યક્રમ રદ કરવાની પરિસ્થિતિ ઉભી થાય ત્યારે સંજોગોવસાત ડીપોઝીટ તેમજ ચાર્જીસ/ફી રીફંડ આપવાની સત્તા કમિશનરશ્રીને રહેશે.

૧૨. ભાડે રાખેલ નિર્દિષ્ટ જગ્યા માટે જાહેર જનતાની જાણ માટે જાહેરાતનું એક બોર્ડ (સાઈઝઃ ૩ ફૂટ × ૫ ફૂટ) જે તે સ્થળના પ્રવેશધ્વાર ઉપર મુકવા દેવામાં આવશે. જે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ વ્યકિત / સંસ્થા / પ્રાયોજક ધ્વારા તે જ દિવસે પરત લઈ જવાનું રહેશે.

૧૩. સાયન્સ સેન્ટર સંકુલમાં કાર્યક્રમનું આયોજન કરનાર આયોજક ધ્વારા પાર્કીંગના નકકી કરેલ દરે વાહન પાર્કીંગની જગ્યાનો ઉપયોગ કરવાનો રહેશે. અન્ય સ્થળ ઉપર ખાદ્ય પદાર્થનો સ્ટોલ કે કેન્ટીન કરવા દેવામાં આવશે નહી.

૧૪. સાયન્સ સેન્ટર સંકુલના ઓડીટોરીયમ તથા એમ્ફી થીયેટરમાં નિર્ધારીત બેઠક ક્ષમતા સિવાય વધારાની બેઠકો/ ખુરશીઓ મુકવા દેવામાં આવશે નહીં તેમજ ક્ષમતા કરતાં વધુ પ્રેક્ષકોને પ્રવેશ આપી શકાશે નહીં.

૧૫. સાયન્સ સેન્ટર સંકુલમાં રજુ થનાર કોઈપણ કાર્યક્રમમાં ફટાકડા, દારૂખાનું અને અન્ય સળગી ઉઠે તેવા જવલનશીલ કે જોખમકારક ધડાકીયા પદાર્થો તથા જોખમી રંગ રસાયણો, ગુલાલ વિગેરે લાવવા કે વાપરવા દેવામાં આવશે નહીં.

૧૬. સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ આર્ટ ગેલેરી/ ઓડીટોરીયમ / એમ્ફી થીયેટર ની જગ્યા તેમજ અન્ય કોઈ જગ્યામાં કોઈપણ પ્રકારના ઠંડા / ગરમ પીણાં, અલ્પહાર, ભોજન, પાન મસાલા તેમજ અન્ય પ્રતિબંધિત સેવન પદાર્થો લાવવા અને વાપરવા બાબત સખત મનાઈ છે.

૧૭. સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ કોઈ કાર્યક્રમમાં આયોજક ધ્વારા કોપીરાઈટનો ભંગ થતો હશે તો તે માટે મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં આવી સઘળી જવાબદારી આયોજકોની રહેશે.

૧૮. સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ ઓડીટોરીયમ આર્ટ ગેલેરી કે એમ્ફી થીયેટરને લગતી કોઈપણ ફરીયાદ અંગે ચીફ કયુરેટરશ્રી, સાયન્સ સેન્ટરનો સંપર્ક કરવાનો રહેશે.

૧૯. સાયન્સ સેન્ટર સંકુલના બુકીંગ અને સંચાલન અંગેના નિયમો તથા ભાડા અને ડીપોઝીટના દરોના અર્થઘટન અને તેમાંથી ઉપસ્થિત થતી કોઈપણ બાબતો અંગે યોગ્ય તે નિર્ણય લેવા સારુ મ્યુ.કમિશ્નરશ્રી અધિકૃત રહેશે.

૨૦. જો કોઈ સંજોગોમાં સાયન્સ સેન્ટર સંકુલ ખાતે આવેલ આર્ટ ગેલેરી ઓડીટોરીયમ કે એમ્ફી થીયેટરમાં આયોજીત કાર્યક્રમ અગાઉ, કાર્યક્રમ દરમ્યાન કે કાર્યક્રમ બાદ આયોજક ધ્વારા કે આયોજક સાથે કોઈપણ બાબતે વિવાદ ઉપસ્થિત થાય અને / અથવા કોર્ટમાં દાવો દાખલ કરવાનો કે ચલાવવાનો થાય તો તે ફકત સુરત જયુરીસ્ડીકશનને આધિન રહેશે.

૨૧. ટીકીટ / આમંત્રણ પત્રિકા / એન્ટ્રીપાસની ચકાસણી જે તે આયોજક ધ્વારા સ્વયંસેવકો રાખવાના રહેશે.

૨૨. સુરત મહાનગરપાલિકાના હેતુ માટે જો આર્ટ ગેલેરી / ઓડીટેરીયમ / એમ્ફી થીયેટર વપરાશ કરવાની જરૂરિયાત જણાય તો તેવા કિસ્સામાં તમામ પ્રકારના ખર્ચમાંથી મુકિત આપી ફાળવી આપવા અંગે મ્યુ. કમિશ્નરશ્રીને સત્તા રહેશે.

૨૩. રાજય / કેન્દ્ર સરકારશ્રી કે તેના કોઈ ઘટક દ્વારા આયોજિત કાર્યક્રમ અંગે આર્ટ ગેલેરી / ઓડીટેરીયમ / એમ્ફી થીયેટર વિનામુલ્યે ફાળવવાની માંગણી કરવામાં આવે તો તેવા કિસ્સામાં ભાડું, વીજળીખર્ચ તેમજ અન્ય તમામ ખર્ચમાંથી યોગ્યતા મુજબની માફી આપવા માટેની સત્તા સ્થાયી સમિતિ હસ્તક રહેશે.

૨૪. સાયન્સ સેન્ટર સંકુલના ભાડેથી વપરાશ કરવા અંગેના નીતિ નિયમો, ભાડું તથા ડીપોઝીટની રકમમાં સુરતમહાનગરપાલિકા ધ્વારા અગાઉથી જાણ કર્યા વિના જરૂર જણાયે કોઈપણ સમયે સુધારા વધારા કરી શકાશે જે આયોજકને બંધનકર્તા રહેશે.

૨૫. ઉપરોકત પરિશિષ્ટ 'ર' માં દર્શાવેલ ડીપોઝીટની રકમમાં જરૂર જણાયેથી ફેરફાર કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રી અધિકૃત રહેશે.

૨૬. પોલીસ કમિશ્નરશ્રી સુરત પાસેથી "પરફોરમન્સ" લાયસન્સ તથા ટીકીટ સેલીંગ સેન્ટરનું લાયસન્સ મેળવવાના રહેશે.

૨૭. કાર્યક્રમ પ્રવેશ ફી વિનાનો રાખ્યો હોય અને ફકત આમંત્રણ પત્રિકા રાખવામાં આવી હોય તો ઉપરના તમામ લાયસન્સો ઉપરાંત સુરત મહાનગરપાલિકાના સીધાવેરા અમલદારશ્રી પાસેથી મનોરંજન કરમુકિત (થીયેટર ટેક્ષ) નું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. ફી નો દર રાખવામાં આવ્યો હશે તો ભરેલ ડીપોઝીટમાંથી થીયેટર ટેક્ષ (મનોરંજન કર) ની રકમ વસુલ લેવામાં આવશે.

૨૮. જરૂરી લાયસન્સો રજુ કર્યા સિવાય સાયન્સ સેન્ટર સંકુલમાં કાર્યક્રમ થઈ શકશે નહી. તેમજ કાયક્રમના બે દિવસ અગાઉ લાયસન્સો સાયન્સ સેન્ટરની ઓફીસમાં જમા કરાવવાના રહેશે.

૨૯. ઉપરોકત પરવાના ઉપરાંત કાર્યક્રમ કરવા માટે જરૂરી એવા સ્થાનિક સંસ્થા / રાજય સરકાર / કેન્દ્ર સરકાર વિગેરે સંસ્થાઓમાંથી લેવાના દરેક પરવાના આયોજકે અગાઉથી મેળવી રજુ કરવાના રહેશે. ઉપરાંત કાયદો અને વ્યવસ્થા જળવાય તેમજ ટ્રાફીક નિયમનની જવાબદારી પણ આયોજકની રહેશે.

૩૦. પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર ધ્વારા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ ની પેટા કલમ ૧ ના ખંડો (ય) અને (લ) હેઠળની જોગવાઈ અન્વયે તા.૨૧–૦૫–૨૦૦૭ ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામા ક્રમાંક એફ /પરફ / ૧૦૪૨/ ૨૦૦૭ તેમજ ત્યારબાદ વખતોવખત બહાર પાડવામાં આવનાર / પ્રસિધ્ધ કરવામાં આવનાર જાહેરનામાની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવું / કરાવવાનું રહેશે.

૩૧. ઓડીટેરીયમની લાઈટ તથા સાઉન્ડ વગેરેની કંન્ટ્રોલ કેબીનમાં અધિકૃત ઓપરેટર સિવાય અન્ય કોઈપણ વ્યકિત ને પ્રવેશ આપવામાં આવશે નહી.

૩૨. દરેક પ્રયોજકે ઓડીટેરીયમમાં પ્લાનમાં દર્શાવ્યા મુજબની હરોળમાં મુકરર કરવામાં આવેલ તેટલી બેઠકો ફરજિયાત રીતે વિના મૂલ્યે અનામત રાખવાની રહેશે. આ બેઠકોનો કમિશ્નરશ્રીના આદેશઅનુસાર ઉપયોગ કરવાનો મેનેજેમન્ટને અધિકાર રહેશે.

૩૩. કાર્યક્રમ દરમ્યાન ઓડીટેરીયમના સ્ટેજ ઉપર કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારો તથા અન્ય કોઈ વ્યકિત જે અગત્યના કારણોસર કાર્યક્રમ સંકળાયેલો હોય તે સિવાયના કોઈપણ અન્ય વ્યકિતને દાખલ થવા દેવાની નથી. આવી બિનજરૂરી વ્યકિતઓને મેનેજમેન્ટ સ્ટેજ ઉપરથી દૂર કરી શકશે. કાર્યક્રમ સાથે સીધી રીતે સંકળાયેલ વ્યકિતઓની ઓળખ માટે પ્રયોજકે "બેજ" પુરા પાડવાના રહેશે. જે ધારણ કર્યા સિવાયની વ્યકિતઓને સ્ટેજ ઉપર પ્રવેશ મળી શકશે નહી.

૩૪. કાર્યક્રમ યોજવા અંગે કાયદા અનુસાર પ્રયોજકે ફરજિયાત રીતે મેળવવાના હોય તેવા તમામ જરૂરી પરવાના સંબંધિત સરકારી–અર્ધસરકારી કચેરીઓ પાસેથી મેળવવાને પ્રયોજકે કાર્યક્રમના અગાઉના દિવસે ચીફ કયુરેટરને તેમની ઓફિસમાં બતાવી તે અંગેના રજીસ્ટરમાં નોંધ કરાવવાની રહેશે. જરૂરી પરવાનાઓ રજુ કર્યા સિવાય કાર્યક્રમ યોજવા દેવામાં આવશે નહી.

૩૫. કાર્યક્રમ પૂરો થયા બાદ તુરતજ રાત્રીના સમયે સેટીંગ્સ વગેરે નીચે ઉતારવાનું શકય બનશે. એવા સંજોગોમાં કાર્યક્રમનો સેશન પૂર્ણ થયા બાદ ચીફ કયુરેટર ધ્વારા જણાવેલ સમયમર્યાદામાં બહારથી લાવવામાં આવેલ સેટીંગ્સ ફરનીચર વગેરે ખસેડી લેવાનું ફરજિયાત રહેશે તેમ કરવામાં પ્રયોજક નિષ્ફળ જશે તો પ્રયોજકના હિસાબે અને જોખમે તેવી સામગ્રી દુર કરવામાં આવશે અને તે અંગે થયેલ ખર્ચની રકમ પ્રયોજક પાસેથી વસુલ કરવામાં આવશે.

૩૬. કાર્યક્રમના આગળના દિવસે ઓડીટેરીયમ ખાલી હશે અગર કોઈપણ સમયખંડ માટે રોકાણ ન હોય તો જ પ્રયોજકને સેટીંગ્સ કે અન્ય ગોઠવણી કરવા માટે પરવાનગી આપવામાં આવશે.

૩૭. સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ ઓડીટેરીયમ, આર્ટ ગેલેરી, એમ્ફી થિયેટર સાથે સંકળાયેલ સ્ટાફ અને મ્યુ.કમિશનરશ્રીએ જે અધિકારીને અધિકાર અપ્યો હોય તેવા અધિકારીઓના મેયરશ્રી, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી વિગેરે સાયન્સ સેન્ટરના કોઈપણ ભાગમાં પ્રવેશ કરી શકશે.

૩૮. અણધાર્યા કે આકસ્મિક સંજોગોમાં સાયન્સ સેન્ટરની સુવિધામાં એરકન્ડીશનીંગ, સાઉન્ડ તથા ઈલેકટ્રીક પાવર વિગેરે કોઈપણ જાતનો વિક્ષેપ પડે તો તે માટે મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહી.

૩૯. સાયન્સ સેન્ટરની લાઈટ, માઈક્રોફોન અને એરકન્ડીશનીંગ વિગેરે સેવાઓને લગતી તકલીફો અગર ફરીયાદો અંગે ચીફ કયુરેટરનો સંપર્ક સાંધી તેનો નિકાલ કરવાનો રહેશે.

૪૦. સાયન્સ સેનટરમાં રજુ કરવામાં આવનાર કાર્યક્રમની રૂપરેખા અને પ્રવચનો, વ્યાખ્યાનો પરિસંવાદો વગેરે હોય તો તે અંગેની માહિતી મ્યુ.કમિશનર અગાઉથી માંગી શકશે અને તે આપવામાં ન આવે તો સાયન્સ સેન્ટરનો ઉપયોગ કરવામાં દેવામાં આવશે નહી.

૪૧. સાયનસ સેન્ટરના ઓડીટેરીયમની બેઠક વ્યવસ્થાના પ્લાનની કાર્યક્રમ દીઠ બે કોપી વિના મૂલ્યે આપવામાં આવશે તથા વધારાની દરેક કોપી માટે રૂા.૧૦/– નો ચાર્જ લઈ આપવામાં આવશે.

૪૨. કાર્યક્રમ અંગેની જાહેર ખબરમાં આમંત્રણ કે ટિકિટો કાઢવામાં આવે તો તેના ઉપર ''સુરત મહાગરપાલિકા'' ''સાયન્સ સેન્ટર'' ફરજીયાત લખવાનું રહેશે.

## <u>પરિશિષ્ટ–૨</u>

**સાયન્સ સેન્ટર સંકુલમાં આવેલ આર્ટગેલેરી, એમ્ફી થીયેટર અને ઓડીટોરિયમના ભાડેથી વપરાશમાં આપવા અંગેના દરો નીચે જણાવ્યા મુજબના રહેશે.**

| અ.નં.<br>(૧) | સ્થળ<br>(૨) | પ્રદર્શન વિસ્તાર / બેઠક વ્યવસ્થા<br>(૩) | ભાડાની રકમ<br>(૪) | જમા કરાવવા પાત્ર કુલ ડીપોઝીટની રકમ<br>(૫) | વિજળી ખર્ચ<br>(૬) | એ.સી. ખર્ચ<br>(૭) | સમય ખંડ<br>(૮) | રાહત દર<br>(૯) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | આર્ટ ગેલેરી | ૯૬૫ ચો.મી.<br><br>૭૧૫ ચો.મી. | ભોંયતળિયા રૂા.૨૦૦૦/– પ્રતિદિન<br><br>પ્રથમ માળ રૂા.૧૫૦૦/– પ્રતિદિન | રૂા. ૨૧,૦૦૦/– અથવા રૂા.૧૪,૦૦૦/– પ્રતિદિન<br>રૂા. ૨૧,૦૦૦/– અથવા રૂા.૧૩,૦૦૦/– પ્રતિદિન | વિજ પુરવઠો પૂરો પાડતી એજન્સી ધ્વારા જે દરે વિજ બિલની આકારણી કરવામાં આવે અને સુરત મહાનગરપાલિકા નકકી કરે તે મુજબ વસુલ લેવામાં આવશે. | એ.સી. ચાર્જીસ : એ.સી. ચીલર પ્લાન્ટના પ્રવર્તમાન ગેસ અને વીજળીના દરથી ગણતાં પ્રતિ કલાક દીઠ રૂા.૧૨૬૦/– થાય છે. જે અલગથી વસુલ લેવામાં આવશે. | સવારે ૧૧.૦૦ ક. થી રાત્રે ૧૦.૦૦ ક. સુધી | (૧) શહેરનાં કલાકારોને ઉતેજન આપવાના હેતુસર બનાવેલ આર્ટ ગેલેરી માટે કોલમ નં. ૭ માં દર્શાવેલ એ.સી. ખર્ચ નાં પ્રતિ કલાક રૂા.૧૨૬૦/–ને બદલેરૂા.૫૦૦/– પ્રતિ કલાક રાહત દર મુજબ એ.સી. ચાર્જ વસુલ લેવા જોગ છે.<br><br>(૨) શહેરના કલાકારો જો બંને ફલોર અલગ અલગ વ્યકિત / સંસ્થા ધ્વારા એક જ દિવસે ભાડે થી રાખવામાં આવે તો સપ્રમાણ એ.સી.ચાર્જીસ લેવાના રહેશે. |
| | | પ્રદર્શન વિસ્તાર ૧૬૮૦ ચો.મી. | સંપૂર્ણ ગેલેરી માટે રૂા.૩,૦૦૦/– પ્રતિદિન | રૂા. ૨૨,૦૦૦/– પ્રતિદિન | વિજ પુરવઠો પૂરો પાડતી એજન્સી ધ્વારા જે દરે વિજ બિલની આકારણી કરવામાં આવે અને સુરત મહાનગરપાલિકા નકકી કરે તે મુજબ વસુલ લેવામાં આવશે. | એ.સી. ચાર્જીસ : એ.સી. ચીલર પ્લાન્ટના પ્રવર્તમાન ગેસ અને વીજળીના દરથી ગણતાં પ્રતિ કલાક દીઠ રૂા.૧૨૬૦/– થાય છે. જે અલગથી વસુલ લેવામાં આવશે. | સવારે ૧૧.૦૦ ક. થી રાત્રે ૧૦.૦૦ ક. સુધી | |
| ૨. | એમ્ફી થીયેટર | બેઠક ક્ષમતા ૨૦૦ | રૂા.૧,૦૦૦/– પ્રતિદિન | રૂા. ૨,૦૦૦/– પ્રતિદિન | વિજ પુરવઠો પૂરો પાડતી એજન્સી ધ્વારા જે દરે વિજ બિલની આકારણી કરવામાં આવે અને સુરત મહાનગરપાલિકા નકકી કરે તે મુજબ | ––– | સવારે ૧૧.૦૦ ક. થી રાત્રે ૧૦.૦૦ ક. સુધી | બિનવ્યાવસાયિક ધોરણે આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમો જેમ કે નૃત્ય નાટિકા, શાસ્ત્રીય નૃત્ય, સુગમ સંગીત, લોકગીતો, ડાયરો, મુશાયરો, ભજન અને કવિ સંમેલન માટે ભાડાની રકમના ૨૫% રાહત આપવામાં આવશે ૭૫% રકમ જમા કરવાની રહેશે. |

| અ.નં.<br><br><br>(૧) | સ્થળ<br><br><br>(૨) | બેઠક વ્યવસ્થા<br><br><br>(૩) | હોલ<br>ભાડાની રકમ<br><br>(૪) | જમા કરાવવા પાત્ર<br>કુલ ડીપોઝીટની<br>રકમ<br>(૫) | વિજળી ખર્ચ<br><br><br>(૬) | એ.સી. ખર્ચ<br><br><br>(૭) | સમય ખંડ<br><br><br>(૮) | રાહત દર<br><br><br>(૯) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩. | ઓડીટેરીયમ | ૨૬૬ | રૂા.૫,૦૦૦/– પ્રતિ સેશન | રૂા.૨૫ ,૦૦૦/– પ્રતિ સેશન | વિજ પુરવઠો પૂરો પાડતી એજન્સી ધ્વારા જે દરે વિજ બિલની આકારણી કરવામાં આવે અને સુરત મહાનગરપાલિકા નકકી કરે તે મુજબ | સવારના ૯ઃ૩૦ થી સાંજે ૫ઃ૦૦ દરમ્યાનના પ્રતિ કલાક રૂા.૮૫૦ તથા સાંજના ૫ઃ૦૦ થી રાત્રે ૧૨ઃ૦૦ દરમ્યાન માટે પ્રતિ કલાક રૂા.૨૧૫૦/– એ.સી. ચાર્જ વસુલ લેવામાં આવશે. | પ્રત્યેક સેશન ૩ઃ૩૦ કલાકનું રહેશે.<br>પ્રથમ સેશન ૯ઃ૩૦ થી ૧ઃ૦૦<br>બીજુ સેશન ૩ઃ૦૦ થી ૬ઃ૩૦<br>ત્રીજુ સેશન ૮ઃ૩૦ થી ૧૨ઃ૦૦ | ––– |

નોંધઃ–

(૧) કાર્યક્રમના નિયત કરેલા સમય કરતાં વધારાના દર અડધો કલાકના, પ્રાયોજકે ભરવાના દર વધુમાં વધુ અડધો કલાક માટે **હોલ ભાડું રૂા.૮૦૦/–** તેમજ **એ.સી. ચાર્જ પેટે પ્રથમ સેશનના રૂા.૪૨૫/–** તેમજ **બીજા અને ત્રીજા સેશનના રૂા.૧,૦૭૫/–** ભરવાના રહેશે.

(૨) એ.સી. ખર્ચ કાર્યક્રમના સમય દરમ્યાન એ.સી. શરૂ કર્યાના સમયથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધીના સમય ગણવાનો રહેશે.

(૩) ઉપરોકત દર્શાવેલ સમય ખંડમાં ફેરફાર કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ને રહેશે.

Auditorium
Seating Arrangment Capacity 266 Seats

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| L | | | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 | 13 | 12 | 11 | 10 | 9 | 8 | 7 | 6 | 5 | 4 | 3 | 2 | 1 | | | L |
| K | | | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 | 13 | 12 | 11 | 10 | 9 | 8 | 7 | 6 | 5 | 4 | 3 | 2 | 1 | | | K |
| J | 24 | 23 | 22 | 21 | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 | 13 | 12 | 11 | 10 | 9 | 8 | 7 | 6 | 5 | 4 | 3 | 2 | 1 | J |
| I | 24 | 23 | 22 | 21 | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 | 13 | 12 | 11 | 10 | 9 | 8 | 7 | 6 | 5 | 4 | 3 | 2 | 1 | I |
| H | 24 | 23 | 22 | 21 | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 | 13 | 12 | 11 | 10 | 9 | 8 | 7 | 6 | 5 | 4 | 3 | 2 | 1 | H |
| G | 24 | 23 | 22 | 21 | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 | 13 | 12 | 11 | 10 | 9 | 8 | 7 | 6 | 5 | 4 | 3 | 2 | 1 | G |
| F | 24 | 23 | 22 | 21 | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 | 13 | 12 | 11 | 10 | 9 | 8 | 7 | 6 | 5 | 4 | 3 | 2 | 1 | F |
| E | 24 | 23 | 22 | 21 | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 | 13 | 12 | 11 | 10 | 9 | 8 | 7 | 6 | 5 | 4 | 3 | 2 | 1 | E |
| D | | 22 | 21 | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 | 13 | 12 | 11 | 10 | 9 | 8 | 7 | 6 | 5 | 4 | 3 | 2 | 1 | | D |
| C | | | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 | 13 | 12 | 11 | 10 | 9 | 8 | 7 | 6 | 5 | 4 | 3 | 2 | 1 | | | C |
| B | | | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 | 13 | 12 | 11 | 10 | 9 | 8 | 7 | 6 | 5 | 4 | 3 | 2 | 1 | | | B |
| A | | | 20 | 19 | 18 | 17 | 16 | 15 | 14 | 13 | 12 | 11 | 10 | 9 | 8 | 7 | 6 | 5 | 4 | 3 | 2 | 1 | | | A |

STAGE MAP

